શાહપુર ઝુલ્કતાફ.

મહાંન પારસી પાદશાહની જીંદગીનો એક સફો

સંગીત કિરતન.

શાએર ફીરદોસીના શાહનામાને આધારે

બેતબાજીમા.

મુંબઈ જશન કમીટી માટે

રચનાર, કથનાર અને પ્રગટ કરનાર

પ્રથમ રજુ થયું.
૨૧ મી માર્ચ ૧૯૨૩ અને
જમશેદી નોરોજને દીને સાંજના.
બે. જી. સ્કુલના હોલમા
ઈ. સ. ૧૯૨૩.

આવૃતી પહેલી.

કિંમત ચાર આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૧૦૫૧૧

"શ્રી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ"માં હોશંગ તેહમુરસ અંકલેસરીઆએ
નં૦ ૧ પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મધે છાપ્યું છે.

ડા૦ ધનજીભાઈ નવરોજી પટેલે એડવર્ડ બીલડીંગ, લેમીંગતન રોડ, મધે
પોતાને માટે એડીટ કરી, છપાવી પ્રગટ કીધું છે.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૦૫૧૧ वर्गांक

पुस्तकनुं नाम શાહપુર સુલતાન

विषय ૮ - : ૪

"I expect to pass through this world but once. If therefore, there be any kindness I can show, or any good thing I can do to any fellow-Human Being, let me do it NOW: for I shall not pass this way again."

OMAR KHAYAM.

શાહપુર ઝુલ્ફકતાર.

રૂમના કયસર આગલ નુશેહઆંનુની ખુબસુરતીની વખાણુ ગાઈ તેના અમલદારે.

1 ગાયન—જયજયવંતી.

કુંચન, સોહાગણુ, ચંદ્રબદન,
ચતુર સુંદરી—
નાર દીલહરણુ, બદન મોહન,
મેહલમે છે જડી—૧

મુખ કમળ પર ઝલક,
જસે જોઈ ખલક—
અંગ અંગ રંગ ચમકત દમકત,
જોઈ સુંદર નયેન મરે તરફડી.
કુંચન, સોહાગણુ ચંદ્રબદન—૨

અરબ પાદશાહની દીકરી મીલીકેહ શેહનશાહ શાહપુર ઉપર મોહી પડી, તેના મીલાપ માટે બેકરાર બની.

૨ ગાયન-દેસ-સોરઠ.

બદરંગ કાં દેખાડે કિસમત બુરાં,
દેશ-વેશ નયનો ઇરાંની દીસે,
જોઈ સુર તન-ભડકી પ્રીત મન,
ચિત ચોર ચકોર, નુર કિંયાંની રૂડાં ૧
કેવા નયનો પ્યારાં,
હિંમત, હાંમ, કાંમવારાં,
તન મન વિંધનારાં,
સુખસાર પિંડનારાં—બદરંગ કાં—૨
સુખ સપન સમ દિસે મહારૂં,
કઠીણ કથન કથું જઇ કયાંરે—
હાંરે હાંરે નયનાં, ધીર ધર નીર ના;
પ્રેમ-પ્રીતની ભડકી મનમેં ચિન્તા ચીતા,
બીરના દરશન વન મન તરસે મરશે.
મુજકીન તન આ—બદરંગ કાં—૩

શાહ શાહપુરે પોતાનુ ભવિશ જાણ્યા પછી તેનુ દલગીર થવું, અને નજુમીઓએ તેને દીલાસાના સખુનો કેહવા.

૩ ગાયન-કાલિંગડા.

મેહર હોય બંન્દા પર રબની, કદી તે ભયથી ડરે નહી,
મોત બી આવી ઉભું રેહ, તોપણુ હરગીજ મરે નહી.
ગદા ફકીરને કરે તે આલા, અદનાને આબાદ કરે,
લખ્યા હોય તકદીરના લેખો-તે બી તે બરબાદ કરે.
કરે દોસ્તને દુશમન પળમા, દુશમનને તે ભાઇ કરે,
બેવકુફને કરે અકલમંદ, શ્યાનાને સૌદાઇ કરે.
કુફરને તે કરે બાદશાહ, તખ્ત આપી ખુશાલ કરે,
પાપીઓને એક પળમા, સાહેબે કમાલ કરે.
કામ કરે દુનિયામે એવાં, કોઇબી તેવાં કરે નહી,
મોત બી આવી ઉભું રેહ, તોપણુ હરગીજ મરે નહી.૧
ગમ અલમને રાહત સમજો, રંજને તમ દીલદાર ગણો.
મુફલેસી જો આવી પડે તો, તેને બાગો બહાર ગણો,
જફા પડે તો વફા સમજો, મોતને જીંદગાણી ગણો.
આ દુનિયાને ફના સમજો, રબની મેહરબાની ગણો.
કુલ દુનિયાનો તે છે સાહેબ, બિજો કોઇ કંઇ કરે નહી,
દુઃખ સુખનો જોડા જગમા, તે વન કોઇનુ સરે નહી-૨

વેપારી વેશે શાહનેશાહ શાહપુરે રૂમમા તલાશ
કરવા જવું. અને જાહેર રસ્તા ઉપર પોતાનો
માલ વેચવાનુ ડોળ ઘાલી ઢોંગ કરવા.

૪ ગાયન પીલુ-બરવા.

શાહપુર:-

સકળ અકળ તમ રૂમી રૂમના,
વાત સુણો તમ ચલવલની;
માલ ઈરાંની લેવો પીછાણી,
કરૂ કસોટી અકલની-૧
કાંન ઉઠાવી, આંખો ખોલી,
જુવો બનાવટ અવલની;
જુવો સફાઇ, દીએ ગવાહી,
નથી વાત કંઇ છલબલની-૨

૫

રૂમીઓ:-

આ ઈરાંની ઉસતાદ, તારી જબરી સરાહયાત
તારી વાતો લાગે કાંનને ગતવાલી;
અરે વેપારીના બેલ, તું દીસે કોઈ છેલ,
કરી રેહો ચેહલમેહલ તું લટકાલી. ૩
કરે માલનો નીકાલ, કરી વાતો લાલ લાલ,
એવો ઈરાંની પંચાલ તું વંઝારી;
માલ રૂડો કુડો લાવી, ગળે રૂમને પેહડાવી.
જાય સહુને. બનાવી તું ખંધારી-૪

શાહપુરે વેપારી વેશમા રૂમના કયસરની તારીફ તેની દરબારમા ગાવી

૬ ગાયન-કાફી. ધ્રુપદ.

આજ ગુણ ગાવુ તહારો,
તપો તારૂ રાજ વાજ,
રહો સદા સરફરાજ—આજ ગુણ-૧
પ્રતાપી પ્રબળ પુરો,
ખીલો ઉમેદના ગુલ હજારો;
દાયમ રહો આ તારો સાજ—આજ ગુણ-૨

રૂમી બંદીખાનામાં શાહપુરની દયાજનક હાલત જોઇ, કનીજકે તેનો બલ્લાપો કરી દીલાસો આપવો.

૭ ગાયન આસાવરી-ખ્યાલ.

રૂપ સરૂપ પ્યારૂ, તારૂ: રૂપાળું,
દુ:ખે થયું દુખીયારૂં-૧
જુલમ ભારી તન પર,
નીશદીન હાય હાય!
જીવન કઠીણ જાણુ તારૂ,
અંત વન લાચાર-૨

પરાંની બાગબાંને પોતાના મકાંનમા શહેનશાહ શાહપુરની વગર પીછાંનરે પરોણાગત કરી.

૮ ગાયન–પીલુ.

બાગબાંન:-

ભર ભર પીયો તમ જામ લાલ પાણીઆં
પીઈ બનો બંન્ને મેહમાન મન માંનીઆં. ૧

શએર.

રહી ગઈ છે યાદ જમશેદની,
જગતમા તમ સુણો,
એ આબ તો નાયાબ છે,
જે પીએ તે જાણે ગુણો.
એ ખુશ કરે, દીલ–દુઃખ હરે,
એવો એ લાલમ લાલ છે,
એકજ રંગ, એકજ રૂપ,
એકજ એની ચાલ છે.
એ આબ તો નાયાબ છે,
પીઈ વગાડો ટાલીઆં--ભરભર--૨

૧૦-૨૧

(જવાબ દીધો શાહપુરે.)

શએર.

શાહપુર:—

બેશક એ દીલખુશ આબ છે,
ચિન્તા હરી બેગમ કરે;
સુરવીર પીઈ જે કાંમ કરે,
તે કાંમ નહી રૂસ્તમ કરે.
એ શોધ છે જમશેદની,
બેશક એક અકસીર છે,
નામરદોને મરદો કરે,
એવી એમા તદબીર છે.
ભરભર પીયો તમ જામ લાલ પાણીઆં-૩

સેહનશાહ શાહપુરની ગેરહાજરીમા ઇરાંનના મુલકોની કેવી દુરદશા રૂમી કયસરે કીધી, તેની હકીકતનું દુખદાયક બયાંન બાગબાંને કહી સંભાલવ્યું

૧૦ ગાયન-દેસ ગઝલ.*

ગઇ શાહી શાહપુર ઇરાનની,
તે દીનથી દીલ બેકરાર છે.
થયાં દીન ધરમ પામાલ તમામ,
હર ઇરાંનીનો એ પુકાર છે-૧
કીધું રૂમીઓએ જેર ઇરાંન,
આતશકદેહ કીધાં વેરાંન;
કંઇ એક મુવાં નર-નારીઓ,
તે પર દરૂદ હજાર છે-૨
ઓઇ દીન ધરમને તબાહ થઇ,
કિસમ કિસમની જફા થઇ;
મુવાં દફન થઇ બેકફન,
એ સિતમથી સીનુ ફીગાર છે-૩
જે કરતાં મેહલે અમન ચમન,
તે કતલ થયાં જેમ ગોસપંદ.
ના દીધું કોઇએ કફન જરા,
એ ગજબ અજબ બીશિયાર છે-૪

*કરતાના સંગીત યઝદગર્દ શેહરીયારમાંથી ફેરફાર સાથે લીધેલું.

બાંગબાનું શાહપુરના ગુમ થવા માટે વિલાપ કરવો.

૧૧ ગાયન પીલુ-ધનાશ્રી.

બયાં કરૂં શું ગમ આલમનુ દુઃખી, કરી શેહરિયાર ગયો,
ખબર ખુદાને—
તજી કાંઇ વતન, રાજ, દીલદાર ગયો,
ખબર ખુદાને—૧

તજી તખ્ત સરતાજ મહારો, તજી લશ્કર સરદાર ગયો,
ખબર ખુદાને—
તજીને મેહલ, બાગ, ગુલજાર ગયો—૨

ગુમ થયો શાહપુર હમારો, ગુમ ગળાંનો હાર થયો,
પતો બતાવો—
ગજબ હમ પર ખુદા બીશિયાર થયો—૩

વતન શેહર આબાદ હતાં, તે હાલ જુવો બિસ્માર થયો,
શાહ હમારો—
રહ્યો છે, કે તે ફુલગુલાર થયો—૪

શએર.

શાહ ગયો શાહી તજી.
શું ગાવું હું તેની સના,
શાહપુર વન આ સર જમીન,
થઈ ગઇ કુલ્લે ફના.
મુલ્કે મુલક પરદેશમા,
સોધી રહયા હમ સહુ જના.
રઇયત રડે છે નીસદીન.
ના ગમની કંઈ રહી મના.
બાગે ચમન ’ને મેહલ હવેલી,
મુકી કહાં હમ યાર ગયો,
ખબર ખુદાને—
તજીને વતન શાજ દીલદાર ગયો--૧

શેહનશાહ શાહપુરે રૂમના કયસરને તાનાજાનીના સખુનો કેહયા.

12 ગાયન ભેરવી-ધ્રુપદ.

જેને જંમ સુજે જયારે,
સુજવા દેઇ તેવું,
મોહોડે માથે ધુલ તેને,
ભરવાજ દેઇએ-જેને જંમ--૧
છાલકો જે હોય તે તો,
છલ છલ છલકાયે,
ત્યારે તેવાને તો સદા,
મરવાજ દેઇએ--જેને જંમ--૨
જેમ પર ચહડે જે ઝાએ,
તે તો પાછો નર્મ થાએ,
ત્યારે તેવાને તો સદા,
સઠવાજ દેઇએ-જેને જંમ--૩

રૂમના કયસરે શાહપુરની દયા અને મદદ ચાહવી.

ગાયન દેસ–કામોદ.

૧૩ હાથ લંબાવ ભાઈ, સહાય થા તું મારી રે,
દીન ગયો હવે રાત પડનારી રે–૧
દોડી ઝપટ ઝટપટ સરજતને,
નાહક પકડે ભાઇ રે;
નાહક નાહક નાહક રે.
એવી ચંચલ ચાલ સરજતની છે ન્યારી રે–
હાથ લંબાવ ભાઇ સહાય થા તું મારી રે–૨